# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-05-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- રાજ્ય સરકારે કિર્ગીસ્તાનમાં અભ્યાસ કરવા ગયેલા ગુજરાતના વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા રાજ્યના મુખ્ય સચિવને કેન્દ્રના વિદેશ મંત્રાલય સાથે ચર્ચા વિચારણા કરવા નિર્દેશ આપ્યો.
- રાજ્યમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ફરી વળેલું ગરમીનું મોજુ યથાવત રહ્યું- છેલ્લા 20 દિવસમાં ગરમીને લગતાં એક હજાર 901 કેસ નોંધાયા..
- અમદાવાદથી મુંબઇ રેલવે માર્ગ ઉપર વિરાર- વૈતરણા વચ્ચે થનારી કામગીરીના કારણે આવતીકાલ અને પરમદિવસે બે ટ્રેન રદ, પાંચ અંશતઃ રદ જ્યારે 23 ટ્રેનો મોડી ચલાવાશે.
- ગુજરાત એટીએસએ પોરબંદરના માછીમારની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના ગુના હેઠળ ધરપકડ કરી.
- રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધામાં તેજસ્વીની સાગર -પહેલા, નંદિની મુદલિયાર- બીજા, આસુદાની રાજ-ત્રીજા અને અદિત્રી શોમ-ચોથા સ્થાને વિજેતા રહ્યા.
- બીસીસીઆઇ દ્વારા વડોદરા સહિત દેશના 50 શહેરોમાં આઇપીએલ ફેન પાર્ક ઉભા કરવામાં આવશે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- Kyrgyzstan

રાજ્ય સરકારે કિર્ગીસ્તાનમાં અભ્યાસ કરવા ગયેલા ગુજરાતના 100 જેટલા વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા કેન્દ્રના વિદેશ મંત્રાલય સાથે ચર્ચા વિચારણા કરવાનો નિર્દેશ મુખ્ય સચિવને આપ્યો છે. કિર્ગિસ્તાનમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાઓ થવાની વધી રહેલી ઘટનાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય સચિવ રાજકુમારને આ મુજબ નિર્દેશ આપ્યો છે.

મુખ્ય સચિવ રાજકુમારે ભારત સરકારના વિદેશ મંત્રાલય અને કિર્ગિસ્તાનના રાજદૂતાવાસનો સંપર્ક કરીને આ વિદ્યાર્થીઓને સલામત વતન પરત લાવવાની વ્યવસ્થાઓની વિગતો મેળવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, કિર્ગિસ્તાનમાં મેડિકલ અને અન્ય વિદ્યાશાખામાં ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત સહિત ભારતના ૧૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગયા છે. કિર્ગિસ્તાન સ્થિત ભારતીય રાજદૂતાવાસ ત્યાંની યુનિવર્સિટીઝ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. ત્યાંની પ્રવર્તમાન સ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસીસ શરૂ કરાયા છે. એટલું જ નહીં, પણ ભારતીય વિદ્યાર્થીઓને વતન પરત લાવવા વિમાન ઉડ્ડયનો શરૂ કરાયા છે.

એટલું જ નહીં, કિર્ગિસ્તાનમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓ રાજદૂતાવાસનાં સંપર્કમાં રહીને તેમની વિગતો આપી શકે તે માટે બે હેલ્પલાઈન નંબર ૦૫૫૭૧૦૦૪૧ અને ૦૫૫૦૦૫૫૩૮ પણ ૨૪ કલાક કાર્યરત કરવામાં આવી છે.

# ELECTION- 6TH PHASE

લોકસભાની શનિવાર, 25 મે ના રોજ યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણી માટેનો જાહેરપ્રચાર આજે સાંજે પૂરો થયો છે. હવે આ તબક્કાના ઉમેદવારો મતદારોનો વ્યક્તિગત સંપર્ક કરીને પ્રચાર કરી રહ્યા છે.

છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની કુલ 58 બેઠકો માટે મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની તમામ 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખંડની 4, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

## WEATHER UPDATE

રાજ્યમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ફરી વળેલું ગરમીનું મોજુ યથાવત રહ્યું છે અને હવામાન વિભાગે ગરમીનું મોજું આગામી પાંચ દિવસ સુધી ઉત્તર અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં યથાવત રહેવાની સંભાવના દર્શાવી છે.

રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં 14થી વધુ જગ્યાએ મહત્તમ તાપમાન 40 ડીગ્રી કે તેથી વધુ નોંધાયું છે. અમરેલી, સુરેન્દ્રનગર, અમદાવાદ, કંડલા એરપોર્ટ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન સૌથી વધુ 45 ડિગ્રી સેલ્શિયસ નોંધાયું છે. આ ઉપરાંત ભાવનગર, રાજકોટ, વલ્લભવિદ્યાનગર અને વડોદરામાં 44, ભૂજ અને ડીસામાં 43 ડિગ્રી જ્યારે મહુવા, કેશોદ અને સુરતમાં 42 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. આ જ સમયગાળામાં સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં એકથી ચાર ડિગ્રી વધુ નોંધાયું છે.

હવામાન વિભાગે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેવાની તેમજ અન્ય સ્થળોએ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર આગામી પાંચ દિવસમાં નહીં થવાની સંભાવના દર્શાવી છે.

## HEATWAVE- 108 CALLS

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી કાળઝાળ ગરમી પડી રહી છે અને રાજ્યમાં કેટલાક ભાગોમાં 45 ડિગ્રી સેલ્શિયસ કરતા પણ વધુ તાપમાન નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

108 ઇમરજન્સી સેવાના ચીફ ઓપરેશન ઓફિસર જસવંત પ્રજાપતિએ કહ્યું છે કે, ભારત સરકારની સૂચના મુજબ સમગ્ર રાજ્યમાં ગરમીની સારવાર માટે 108 તંત્ર સજ્જ છે. છેલ્લા 20 દિવસમાં જ રાજ્યમાં ગરમીના એક હજાર 901 કેસ નોંધાયા છે, જે ગયા વર્ષે એક હજાર 450 હતા. અમદાવાદ શહેરમાં ગરમીને લગતા 394 કેસ નોંધાયા છે.

## (બાઇટ- જસવંત પ્રજાપતિ)

# CM- HEATWAVE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં રાજ્યમાં ફરી વળેલા ગરમીના તીવ્ર મોજાની સ્થિતિમાં લોકોને સાવચેતી, સલામતી અને સતર્કતા રાખવા અપીલ કરી છે.

તેમણે વધુમાં કહ્યું છે કે, આકરા તાપમાં રાજ્યના નાગરિકોના આરોગ્યની સલામતી જળવાય અને ગરમીની અસરથી લોકોને બચાવી શકાય તે માટેનું આયોજન પણ રાજ્ય સરકાર સંબંધિત વિભાગો સાથે કરી રહ્યું છે.

તેમણે તેમના સંદેશમાં લોકોને અનુરોધ કર્યો છે કે, તડકામાં ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઇએ. ખાસ જરૂરી હોય તો જ બહાર નીકળવું. ભાર ગરમીના કારણે તકલીફ પડે તો તાત્કાલિક આરોગ્ય કેન્દ્ર- દવાખાનાનો સંપર્ક કરવો...

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુંબઇના રેલવે માર્ગ ઉપર વિરાર- વૈતરણા વચ્ચે હાથ ધરાનારી કામગીરીના લીધે આવતીકાલ 24 અને 25મી

મેના રોજ બે ટ્રેન રદ કરવામાં આવી છે. પાંચ અંશતઃ રદ કરાઇ છે જ્યારે 23 ટ્રેનો મોડી ચલાવાશે.

પશ્ચિમ રેલવની યાદીમાં જણાવ્યા મુજબ, 24મી અને 25મીએ વિરાર- ડહાણુ લોકલ રદ કરાઇ છે. આ ઉપરાંત, સંજાણ- વિરાર મેમુ, વિરાર-ભરૂચ પેસેન્જર ટ્રેન અને સુરત-વિરાર પેસેન્જર ટ્રેનને દહાણુ રોડ સુધી ચલાવાશે.

આ ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસ, ઓખા- મુંબઇ સેન્ટ્રલ એક્સપ્રેસ, અમદાવાદ-બાંદ્રા લોકશક્તિ એક્સપ્રેસ, વેરાવળ- બાંદ્રા એક્સપ્રેસ, એકતાનગર- દાદર એક્સપ્રેસ, અમદાવાદ- દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ભાવનગર- બાંદ્રા સુપરફાસ્ટ સહિત 23 ટ્રેનો નિર્ધારિત સમયપત્રક કરતાં મોડેથી ચલાવાશે.

# NEWS IN BRIE

## હવે જોઇએ રાજ્યના અન્ય કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષકોની તાલીમ સહિતના કાર્યક્રમ મોકૂફ રાખ્યા..
2. કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળે તે માટે લુણાવાડા અને મહિસાગરનાં દુકાનદારોએ મફત છાસનું વિતરણ કર્યું..
3. દીવમાં ગરમીથી રાહત મેળવવા પર્યટકોએ દીવના નાગવા બીચમાં નાહવાની મોજ માણી..
4. ભોપાલની રવિન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી દ્વારા યોજાયેલી ઈન્ટરનેશનલ રિસર્ચ એન્ડ ઇનોવેશન કોન્ફરન્સમાં ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આઠ ઈનામો મેળવ્યા..
5. વેરાવળ બંદરમાં ફિશિંગ બોટમાં અચાનક આગ લાગી- અગ્નિશામક દળે આગને કાબૂમાં લીધી.

6. પંચમહાલના રણજીતનગરમાં વહીવટીતંત્ર દ્વારા કેમિકલ લીક થતાં લાગતી આગને કાબૂમાં લેવા મોકડ્રીલ યોજાઇ..

7. પાટણના સ્થાનિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ધોરણ 6થી 9 માટે ત્રિદિવસીય સમર સાયન્સ કેમ્પ યોજાયો.

8. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી સેલવાસ નગરપાલિકાએ પ્રિમોન્સૂન કામગીરી શરૂ કરી..

9. મોરબી કલેક્ટર કે. બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને આરોગ્યના વિવિધ વિભાગોએ કરેલ કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી..

10. કચ્છ જીલ્લાની 11 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા-આઇટીઆઇમાં ૧૩ જુન સુધી પ્રવેશ પ્રક્રિયા યોજાશે..

11. સુરત જીલ્લાના પીપલોદમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી-SVNIT ખાતે 'કૃષિમાં ડિજીટાઈઝેશન' વિષય પર સંવાદ કાર્યક્રમ યોજાયો...

12. બોટાદના સમઢીયાળા ગામના તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોના ડુબી જવાથી મોત થયા.

13. સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કા અંતર્ગત સાબરકાંઠા જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં એક દિવસીય તાલીમ યોજાઇ..

14. આવતીકાલે વિશ્વ સ્કિઝોફેનિયા દિવસ નિમિત્તે રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## PORBANDAR JASOOS

ગુજરાત એટીએસએ પોરબંદરના જતીન ચારણીયા નામના માછીમારની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના ગુના હેઠળ ધરપકડ કરી છે. જતીન ચારણિયા સોશિયલ મિડિયામાં યુવતીઓ સાથે ચેટીંગ કરતાં

કરતાં હનીટ્રેપનો ભોગ બન્યો હતો અને પાકિસ્તાની જાસૂસ બની ગયો હતો.

ગુજરાત એટીએસના ડીવાયએસપી એસ. એલ. ચૌધરીએ આ અંગે વધુ માહિતી આપી...

(બાઇટ- એસ.એલ. ચૌધરી)

# A'VAD- CHESS TOUR.

અમદાવાદમાં સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધામાં તેજસ્વીની સાગર -પહેલા, નંદિની મુદલિયાર- બીજા, આસુદાની રાજ-ત્રીજા અને અદિત્રી શોમ-ચોથા સ્થાને વિજેતા રહ્યા છે.

રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં તેજસ્વીની સાગરે સાડા પાંચ અંકો સાથે પહેલુ, નંદિની મુદલિયારે પાંચ અંકો સાથે બીજુ, આસુદાની રાજે પાંચ અંકો સાથે ત્રીજુ જ્યારે અદિત્રી શોમે ચોથુ, જીજ્ઞા જોષીએ પાંચમુ અને માહિ દોશીએ છઠ્ઠુ સ્થાન મેળવ્યું છે. સ્પર્ધામાં પ્રથમ ચાર સ્થાન મેળવનાર તેજસ્વીની, નંદિની, આસુદાની અને અદિત્રી તમિળનાડુમાં યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધીત્વ કરશે.

અમારા અમદાવાદના પ્રતિનિધી કરણ પરમાર જણાવે છે કે, સ્પર્ધાના પ્રથમ દસ વિજેતા ખેલાડીઓને 10 હજાર રૂપિયાના રોકડ પુરસ્કારો અપાયા હતા. ગુજરાત રાજ્ય ચેસ સંગઠન અને ક્વીન્સ સ્કેવર વિમેન્સ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની આ ચેસ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

# BCCI- VADODRA FAN PARK

બીસીસીઆઇ દ્વારા વડોદરા સહિત દેશના 50 શહેરોમાં આઇપીએલ ફેન પાર્ક ઉભા કરવામાં આવશે..

બીસીસીઆઇના અગ્રણી શીતલ મહેતા અને સત્યપાલ નિકોડેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વડોદરોના પોકો ગ્રાઉન્ડ ખાતે ફેન પાર્ક બનાવવામાં

આવ્યું છે.. આ ફેન પાર્કમાં ચાહકોની સીટીઓ, ચિચકારીઓ, ફેસ પેન્ટિંગ, બૂમો, ક્રેઝી સ્ટન્ટસ જોવા મળશે.. ક્રિકેટના ચાહકો માટે પોતાના મનપસંદ ખેલાડી અને ટીમને પ્રોત્સાહન મળશે.